# –:: ઓનરશીપનાં ધોરણે ફલેટનો વેચાણ દસ્તાવેજ ::–

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના સબ–ડિસ્ટ્રીકટ રાજકોટના ગામ મુંજકાના રેવન્યુ સર્વે નં. ૧૪ તથા ૧૫ ની કુલ જમીન એકર ૨૦–૩૪ ગુંઠાના રહેણાંકના હેતુ માટેના બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજૂરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૫૫ થી ૬૭ ની કુલ જમીન ચો.મી.આ. ૧૨૧૧–૯૦ ઉપર બાંધવામાં આવેલ **"સંજીવની એપાર્ટમેન્ટ–૨"** તરીકે ઓળખાતા બિલ્ડીંગ માંહેથી, રહેણાંક હેતુ માટેના 'એ' વિંગ તરીકે ઓળખાતા બિલ્ડીંગમાં, .......... ફલોર ઉપર આવેલ ફલેટ નં. .......... જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ............ તથા કારપેટ એરીયા ચો.મી.આ. ................ નો ઓનરશીપનાં ધોરણે વેચાણ દસ્તાવેજ.

વેંચાણ કિંમત રૂા. ...................... અંકે રૂપિયા ....................................

---

રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના બાંધકામ વિકાસ માટેની પરવાનગી નં. રૂડા/ટેક/ડેવ/મુંજકા/૪૭૬/૦૯/૫૩૬૯ તા.૧૧–૧૨–૨૦૧૭ થી મેળવેલ છે.

---

**જોગ લખાવી લેનાર :–**

શ્રી .....................................................
ઉ.વ. .........., ધંધો : વેપાર, રહેવાસી : રાજકોટ
ઠે. .......................................................
(આધાર કાર્ડ નં. )

જેને હવેથી એલોટી (Allotee) તરીકે ઓળખવામાં આવશે.

(તે શબ્દ પ્રયોગ Expression માં તે સંદર્ભમાં અથવા વિરોધી ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધિકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની તથા સંબંધીત ભાગીદારો સહીત તમામનો સમાવેશ થશે.)

**"તે ફલેટ ખરીદનારા"**

**જોગ લખી આપનાર :–**

**સાંઈ કન્સ્ટ્રકશનના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો**

(૧) **શ્રી શાંતિલાલ છગનભાઈ માંકડીયા, હિન્દુ, ઉ.વ. ૬૦, ધંધો વેપાર,**

(૨) **શ્રી અશોકભાઈ ડાયાભાઈ પટેલ, હિન્દુ, ઉ.વ. ૫૯, ધંધો વેપાર, (આધાર કાર્ડ નં. ૨૦૮૮ ૯૭૦૧ ૦૮૭૫)**

(૩) **શ્રીમતિ પ્રફુલ્લાબેન અશોકભાઈ પટેલ, હિન્દુ, ઉ.વ. ૫૪, ધંધો વેપાર,**
બધા ઠે. એ/૨૦૩, રાણી ટાવર, કાલાવડ રોડ, રાજકોટ
નં. ૨ ભાગીદાર દરજજે તથા મુખ્ય વહીવટકર્તા દરજજે
**શ્રી અશોકભાઈ ડાયાભાઈ પટેલ**

(જેને હવેથી પ્રમોટર (Promoter) અથવા વિકાસકર્તા તરીકે ઉલ્લેખ કરવામાંઆવશે. (જે શબ્દ પ્રયોગ 'Expression' માં જો તે સંદર્ભ અથવા

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ | ગામનું નામ :– મુંજકા |
| રેવન્યુ સર્વે નં. :– ૧૪ તથા ૧૫, સંજીવની એપાર્ટમેન્ટ–૨, વિંગ–એ | ચો.મી.આ. :– |
| વેચાણ કિંમત રૂા. | |

અર્થથી વિરૂદ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધિકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની તથા સંબંધીત ભાગીદારો સહીત તમામનો સમાવેશ થશે.)

"તે ફલેટ વેચનારાઓ"

જત તમો ખરીદનાર જોગ અમો વેચનાર આ ફલેટનો ઓનરશીપ ધોરણે વેચાણ દસ્તાવેજ લખી આપી બંધાઉં છું કે :–

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના સબ–ડિસ્ટ્રીકટ રાજકોટના ગામ મુંજકાના રેવન્યુ સરવે નં. ૧૪ તથા ૧૫ ની કુલ જમીન એકર ૨૦–૩૪ ગુંઠાના રહેણાંકના હેતુ માટેના બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજૂરીવાળા પ્લોટસ પૈકી, પ્લોટ નં. ૫૫ તથા ૫૬ ની કુલ જમીન ચો.મી.આ. ૨૨૬–૨૫, રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૧ તા.૨૦–૦૯–૨૦૦૮, પ્લોટ નં. ૫૭ ની જમીન ચો.મી.આ. ૯૦–૦૦ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૨ તા.૨૦–૦૯–૨૦૦૮, પ્લોટ નં. ૫૮ ની જમીન ચો.મી.આ. ૯૦–૦૦ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૩ તા.૨૦–૦૯–૨૦૦૮, પ્લોટ નં. ૫૯ ની જમીન ચો.મી.આ. ૯૦–૦૦, રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૪ તા.૨૦–૦૯–૨૦૦૮, પ્લોટ નં. ૬૦ ની જમીન ચો.મી.આ. ૯૦–૦૦ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૫ તા.૨૦–૦૯–૨૦૦૮, પ્લોટ નં. ૬૧ ની જમીન ચો.મી.આ. ૯૦–૦૦ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૬ તા.૨૦–૯–૨૦૦૮, પ્લોટ નં. ૬૨ ની જમીન ચો.મી.આ. ૯૦–૦૦ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૭ તા.૨૦–૦૯–૨૦૦૮, પ્લોટ નં. ૬૩, ૬૪ તથા ૬૫ ની કુલ જમીન ચો.મી.આ. ૨૭૦–૦૦ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૮ તા.૨૦–૦૯–૨૦૦૮, પ્લોટ નં. ૬૬ ની જમીન ચો.મી.આ. ૯૦–૦૦ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૯ તા.૨૦–૦૯–૨૦૦૮ તથા પ્લોટ નં. ૬૭ ની જમીન ચો.મી.આ. ૮૫–૬૫ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૨૦ તા.૨૦–૦૯–૨૦૦૮ ના રોજથી અમોએ અમારી ભાગીદારી પેઢી જોગ રવિ ઈન્વેસ્ટમેન્ટના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર તથા અન્ય ભાગીદારોનાં કુલમુખત્યાર દરજજે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયા પાસેથી ખરીદ કરેલ છે. આમ, કુલ જમીન ચો.મી.આ. ૧૨૧૧–૯૦ અમારી ભાગીદારી પેઢીની માલિકી, કબજા, ભોગવટાની આવેલ છે. તેનો ગમે તે પ્રકારે વેચાણ, વહીવટ અને વ્યવસ્થા કરવાનો અમારી ભાગીદારી પેઢીને હક્ક, સત્તા અને અધિકાર છે.

ત્યાર બાદ ઉપરોકત પ્લોટ નં. ૫૫ થી ૬૭ ની કુલ જમીન ચો.મી.આ. ૧૨૧૧–૯૦ ઉપર બાંધકામ કરવા માટે અમોએ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળમાં પ્લાન મંજુર કરાવેલ હતો તે પ્લાન મુજબ સંજીવની એપાર્ટમેન્ટ–૨ વિંગ–એ તથા વિંગ–બી નો પ્લાન પાસ થયેલ તે સમયે અમોએ સંજીવની એપાર્ટમેન્ટ–૨ વિંગ–બી નું બાંધકામ પ્લાન મુજબ પુર્ણ કરેલ હતું અને વિંગ–એ નું બાંધકામ કરેલ ન હતું. ત્યાર બાદ "સાંઈ કન્સ્ટ્રકશન" ના નામથી ચાલતી ભાગીદારી પેઢીમાં ફેરફાર થતા ત્રણ ભાગીદારો (૧) શ્રી નિરવ સુરેશભાઈ વેગડા (૨) શ્રીમતિ ઉર્મિલાબેન સુરેશભાઈ વેગડા તથા (૩) શ્રી કુલદીપ શાંતિલાલ કાલરીયા તા. ૧–૪–૨૦૧૩ ના રોજ ઉપરોકત ભાગીદારી પેઢીમાંથી છુટ્ટા થયેલ છે. આમ, ભાગીદારીમાં ફેરફાર થતા તા.૧–૪–૨૦૧૩ ના રોજ સાંઈ કન્સ્ટ્રકશનના નામથી ચાલતી ભાગીદારી પેઢીમાં નીચેના ભાગીદારો રહે છે.

(૧) શ્રી શાંતિલાલ છગનભાઈ માંકડીયા
(૨) શ્રી અશોકભાઈ ડાયાભાઈ પટેલ,
(૩) શ્રીમતિ પ્રફુલાબેન અશોકભાઈ પટેલ

જેની નોંધ ગામ નમુના નં. ૨ માં પ્રમાણિત થયેલ છે.

ત્યાર બાદ અમોએ "સંજીવની એપાર્ટમેન્ટ–૨" વિંગ–એ નો રહેણાંક હેતુ માટેનો રિવાઈઝડ બિલ્ડીંગ પ્લાન રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળમાં મંજૂર કરાવેલ છે જેના નં. રૂડા–ટેક–ડેવ–મુંજકા–૪૭૬–૦૯–૫૩૬૯ તા. ૧૧–૧૨–૨૦૧૭ ના રોજ મંજુર થયેલ છે તે મંજૂર થયેલ પ્લાન મુજબ અમોએ ગ્રાઉન્ડ ફલોરમાં કવર્ડ પાર્કીંગ, લીફટ, પેસેજ, તથા ફર્સ્ટ ફલોરથી ફીફથ ફલોર ઉપર દરેક ફલોર ઉપર ચાર ફલેટો મળી કુલ ૨૦ ફલેટોનું બાંધકામ ચાલુ કરેલ છે જેનું નામ અમોએ **"સંજીવની એપાર્ટમેન્ટ–૨" વિંગ–એ** રાખેલ છે. આમ, ઉપરોકત મિલ્કત અમારી ભાગીદારી પેઢીની માલિકી હક્ક, કબ્જા, ભોગવટાની આવેલ છે. તેનો અમારી ભાગીદારી પેઢીને કોઈપણ પ્રકારે વેચાણ, વહીવટ અને વ્યવસ્થા કરવાનો હક્ક, સત્તા અને અધિકાર છે.

(૨) સદરહુ **"સંજીવની એપાર્ટમેન્ટ–૨" વિંગ–એ** તરીકે ઓળખાતા બિલ્ડીંગમાં .......... ફલોર ઉપર આવેલ ફલેટ નં. ......... જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી. ............ તથા કારપેટ એરીયા ચો.મી.આ. ............ તમોને ઓનરશીપનાં ધોરણે ઉધડી વેચાણ કિંમત રૂા....................... અંકે રૂપિયા ........................ પુરામાં વેચાણ આપેલ છે. આ વેચાણ આપેલ ફલેટનો શાંત, ખાલી, નિર્ભય અને નિર્મળ, ખાલી કબજો આજરોજ તમોને સોંપી આપેલ છે. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૩) સદરહુ **"સંજીવની એપાર્ટમેન્ટ–૨" વિંગ–એ** તરીકે ઓળખાતા બિલ્ડીંગનું વર્ણન અને આખી મિલ્કતની ચર્તુઃસીમા તથા વિગત આ દસ્તાવેજના શેડયુલ–એ માં દર્શાવવામાં આવેલ છે અને તમોને વેચાણ આપેલ ફલેટની ચર્તુઃસીમાની વિગત શેડયુલ–બી માં દર્શાવવામાં આવેલ છે અને આખા બિલ્ડીંગની સહીયારી સુવિધાઓ આપવામાં આવેલ છે તેની વિગત આ દસ્તાવેજના શેડયુલ–સી માં દર્શાવવામાં આવેલ છે.

(૪) આ તમોને વેચાણ આપેલ ફલેટમાં અમારા સિવાય બીજા કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, લેણું, કરજ, બોજો વિગેરે નથી. આ ફલેટનો અમોને મન ચાહે તે રીતે વ્યય, વ્યવસ્થા અને વેચાણ કરવા હકક, સત્તા અને અધિકાર છે. તેમજ આ ફલેટ અમોએ બીજા કોઈને કોઈપણ વ્યવસ્થા કે વેચાણ, ગીરો, બક્ષીસ ટ્રસ્ટ સેટલમેન્ટ કે અન્ય રીતે તેની કોઈપણ વ્યવસ્થા કરેલ નથી. તેવી તમામ બાબતોનું આથી તમોને પાકું વચન, વિશ્વાસ અને ખાત્રી આપીએ છીએ.

(૫) આ તમોને વેચાણ આપેલ ફલેટ અમો વેચનારના તમામ પ્રકારના હક્ક, સત્તા અને જવાબદારી સહિતના માલીકી કબજા ભોગવટાના અને સઘળા હક્કો સહિત તેના સુખાધિકાર અને ઈઝમેન્ટના હક્કો સહિત લેનારે વેચાણ રાખેલ છે. તેમજ આ બિલ્ડીંગમાં માલ સામાન તથા બિલ્ડીંગ મટીરીયલ્સ વાપરેલ છે તથા વાપરવામાં આવનાર છે. તે તમો ખરીદનારને પણ કબુલ મંજુર છે અને તે તમો તથા તમારા પુત્ર, પૌત્રાદીક, લીલાવંશ, વારસો, પરંપરા સુખેથી ભોગવજો, વસજો, વસાવજો અને તમારૂં દીલ ચાહે તે રીતે તેનો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરજો તેમાં હવેથી અમારો કે અમારા વંશ, વાલી, વારસો, વારસદાર, એકઝીકયુટરો, ભાગીદારો અગર કબજેદાર, હિસ્સેદાર કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો લાગભાગ નથી. છતાં પણ ભવિષ્યમાં આ તમોને વેચાણ આપેલ ફલેટના સંબંધમાં કે અમારા કે અમારા પુરોગામીના માલીકીના, કબજા ભોગવટાના હક્ક સંબંધમાં કોઈપણ પ્રકારનો દરદાવો કે વાંધો તકરાર કોઈ ઉઠાવે તો તેવા તમામ પ્રકારે તમોને થતાં તમામ પ્રકારના ખર્ચ તથા નુકશાની તથા તેના પરીણામની જવાબદારી અમારી તથા અમારા વંશ, વાલી, વારસોના શીરે છે. સદરહુ તમોને વેચાણ આપેલ ફલેટ પર કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર કે બીજી કોઈપણ બેંકનું કે કોઈપણ પ્રકારની લોનની રુએનું, ગીરો, જામીનગીરીનો બોજો કોઈ કરજ કે બોજો નથી અને કોઈપણ પ્રકારની લોન લીધી નથી કે જામીનગીરી સ્વીકારેલ નથી. આ મિલ્કત અમારા સંપુર્ણ માલીકી હકકની છે. તેમાં અમારા સિવાય બીજા કોઈનો લેશમાત્ર હકક કે અધિકાર નથી. ઉપરની તમામ બાબતોની અમો સંપુર્ણ વિશ્વાસ અને વચન અને પુરેપુરી ખાત્રી આપીને જ આ

મિલ્કતનો વેચાણનો પુરેપુરો અવેજ સંભાળી લઈને વેચાણ આપેલ છે. આ ફલેટના માલીકી હકક સંબંધે કોઈપણ વાંધો કે તકરાર હોય કે ઉઠાવે તો તેવા પ્રસંગે તે અંગે થતાં તમામ પ્રકારના ખર્ચ તથા નુકશાનીની જવાબદારી અમારી તથા અમારા વંશ, વાલી, વારસોના શીરે છે.

(૬) સદરહું **"સંજીવની એપાર્ટમેન્ટ–૨" વિંગ–એ** બિલ્ડીંગમાં સહીયારી રીતે ભોગવવામાં આવતા ભાગનો જે કાંઈ વેરો, લીઝ, લાઈટ બીલ, રાજકોટ મ્યુ. કોર્પો. અથવા સરકારશ્રી તરફથી નાંખવામાં આવે કે માંગવામાં આવે તે વેરો આ બિલ્ડીંગના તમામ ફલેટ ખરીદનાર ધારકોએ સહીયારી રીતે વસુલ આપવાનો છે. પરંતુ તમોએ વેચાણ રાખેલ ફલેટ અંગેના જે કાંઈ વેરાઓ, રાજકોટ મ્યુ. કોર્પો. અથવા સરકારશ્રીને ભરવાના થાય તો તે વેચાણ દસ્તાવેજની તારીખથી તમો ખરીદનારે અંગત રીતે જ રાજકોટ મ્યુનિ. કોર્પો. તેમજ સરકારશ્રીને આપવાના રહેશે. તેમજ આ તમામ જાતના ટેકસ કોર્પોરેશન તથા સરકારશ્રી તરફથી વધારવામાં આવે તો તે વધારાના ટેકસો તમો ખરીદનારે ભરવાના રહેશે.

(૭) સદરહુ તમોને વેચાણ આપેલ ફલેટમાં કાયમ માટે અથવા કામચલાઉ રૂપમાં બાંધકામમાં ફેરફાર કરી શકશો નહીં અને તમોએ ખરીદ કરેલ ફલેટના અંદરના ભાગમાં જે કાંઈ વ્હાઈટવોશ જરૂરી રીપેરીંગ કામ કરવું પડે તે તમો ખરીદનારે અંગત ખર્ચે કરવાનું રહેશે અને આ ફલેટમાં જે કાંઈ મટીરીયલ્સ તથા માલસામાન વાપરેલ છે. જે તમોએ જોઈ તપાસી લીધેલ છે, તે તમો ખરીદનારને કબુલ મંજુર છે અને ભવિષ્યમાં કોઈપણ જાતનો વાંધો તકરાર ઉઠાવવાનો નથી.

(૮) સદરહુ તમોને વેચાણ આપેલ ફલેટવાળી સમગ્ર મિલ્કત કોઈપણ કારણોસર પડી જાય અથવા તો નુકશાન થાય તો તમોએ ખરીદ કરેલ ફલેટ હાલ જે માળે આવેલ છે તે માળે તે જગ્યાની માલીકી તમારી રહેશે. અને તે વખતના પ્રવર્તમાન કાયદા મુજબ સદરહુ આખી મિલ્કતનું ચણતરકામ આખી બિલ્ડીંગના તમામ ફલેટના માલીકોએ સહીયારી રીતે કરવાનો રહેશે અને તેનો ખર્ચ જે કાંઈ થાય તેનો ફલેટના એરીયા મુજબ વરાડે પડતો ખર્ચ આવે તે તમો ફલેટ ખરીદનારે આપવાનો રહેશે. તે સિવાય ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ–૧૯૭૩ ની જોગવાઈ અનુસાર બીજા માલીકો સાથે તમો ખરીદનારનો માલીકી હકક રહેશે.

(૯) (Severability :

"If any provision of this Agreement shall be determined to be void or unenforceable under the Act or the Rules and Regulations made thereunder or

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ | ગામનું નામ :– મુંજકા |
| રેવન્યુ સર્વે નં. :– ૧૪ તથા ૧૫, સંજીવની એપાર્ટમેન્ટ–૨, વિંગ–એ | ચો.મી.આ. :– |
| વેચાણ કિંમત રૂા. | |

under other applicable laws, such provisions of the agreement shall be deemed amended or deleted in so far as reasonably inconsistent with the purpose of this Agreement and to the extent necessary to conform to Act or the Rules and Regulations made thereunder or the applicable law, as the case may be, and the remaining provisions of this agreement shall remain valid and enforceable as applicable at the time of execution of this Agreement.")

(૧૦) આ તમોને વેચાણ આપેલ ફલેટ તમારા નામે ટ્રાન્સફર કરાવવા સંબંધે દરેક અરજી ફોર્મમાં અમારે અમારી સંમતી બદલ સહીઓ કરી આપવી છે તેમજ હાજરીની જરૂર પડયે જાતે હાજર રહી કબુલાત આપવી છે.

(૧૧) આ આખા બિલ્ડીંગનું નામ **"સંજીવની એપાર્ટમેન્ટ–૨" વિંગ–એ** રાખવામાં આવેલ છે તેમાં કયારેય ફેરફાર કરી શકાશે નહીં અને આ બિલ્ડીંગના તમામ ફલેટ ખરીદનાર વ્યકિતઓએ એસોસીએશનના સભ્ય થવાનું ફરજીયાત છે અને એસોસીએશનના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) સદરહુ તમોને વેચાણ આપેલ ફલેટ સંબંધે હવે પછી ભવિષ્યમાં રાજય સરકારના કે કેન્દ્ર સરકારના કોઈપણ પ્રકારના સર્વીસ ટેક્ષ આવે તો તે ભરવાની જવાબદારી તમો ફલેટ ખરીદનારની રહેશે.

(૧૩) સદરહુ બિલ્ડીંગમાં આવેલ ફલેટ અંગેની અમોએ પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ ની જોગવાઈ હેઠળ સત્તાધિકારી પાસે રજી. નં. ..................... તા. .................. થી નોંધણી કરાવેલ છે અને તે અંગેનું સાટાખઅત અમોએ "રેરા" કાયદાની કલમ–૧૪ મુજબ અનુક્રમ નં. ................ તા. ................ થી નોંધાવેલ છે. જેથી આપણને બન્ને પક્ષકારોએ ઉપરોકત વર્ણવેલ "રેરા" ના કાયદાની જુદી–જુદી કલમોનું પાલન કરવાનું રહેશે. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧૪) આ તમોને વેચાણ આપેલ ફલેટના નીચે મુજબના લેખ દસ્તાવેજની નકલો છે. જેની ઝેરોક્ષ નકલો તમો ખરીદનારએ જોઈ, તપાસી, ખરાઈ કરી સંભાળી લીધેલ છે.

૧. પ્લાન તથા બાંધકામના વિકાસ માટેની પરવાનગીની નકલ.

૨. "સાંઈ કન્સ્ટ્રકશન" ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજોની નકલો.

૩. અમો વેચનારાઓના નામના ગામ નમુના નં. ૨ ની નકલ.

૪. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૧ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્યનાં કુલમુખત્યાર દરજ્જે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૫. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૨ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્યનાં કુલમુખત્યાર દરજ્જે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૬. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૩ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્યનાં કુલમુખત્યાર દરજ્જે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૭. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૪ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્યનાં કુલમુખત્યાર દરજ્જે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૮. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૫ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્યનાં કુલમુખત્યાર દરજ્જે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૯. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૬ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્યનાં કુલમુખત્યાર દરજ્જે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૧૦. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૭ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્યનાં કુલમુખત્યાર દરજ્જે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૧૧. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૮ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્યનાં કુલમુખત્યાર દરજ્જે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૧૨. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૧૯ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજજે તથા અન્યનાં કુલમુખત્યાર દરજજે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૧૩. સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૭૨૦ તા.૨૦–૯–૨૦૦૮ ના રોજ રવિ ઈન્વેસ્ટમેન્ટનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજજે તથા અન્યનાં કુલમુખત્યાર દરજજે શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૧૪. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજની નકલ.

૧૫. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢીના ભાગીદાર પેની હોલ્ડીંગ્સ પ્રા. લી. ના રીઝોલ્યુશનની નકલો.

૧૬. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢીના ભાગીદાર શ્રી દિનેશભાઈ રવજીભાઈ ડેડાણીયાએ તા. ૨૧–૦૨–૨૦૦૭ ના રોજ ચંદ્રકાંતભાઈ રવજીભાઈ ડેડાણીયાને જનરલ કુલમુખત્યારનામું કરી આપેલ છે તેની નકલ.

૧૭. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢીના ભાગીદારોએ તા. ૦૧–૧૦–૨૦૦૨ ના રોજ શ્રી દિનેશભાઈ રવજીભાઈ ડેડાણીયા વિગેરેને જનરલ કુલમુખત્યારનામું કરી આપેલ છે તેની નકલ.

૧૮. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૨૨૬ તા. ૦૧–૦૨–૨૦૦૬ થી શ્રી દર્શન બાલુભાઈ મહેતાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૧૯. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૪૬૯ તા. ૦૬–૧૨–૨૦૦૬ થી ડૉ. રંજનબેન અનામીકાભાઈ શાહએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૦. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૪૭૦ તા. ૦૬–૧૨–૨૦૦૬ થી ડૉ. અનામીકા કાંતીલાલ શાહએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૧. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૨૨૭ તા. ૦૧–૧૨–૨૦૦૬ થી અરૂણભાઈ પ્રભાશંકર દવેએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૨. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૨૨૮ તા. ૦૧–૧૨–૨૦૦૬ થી દિવ્યાબેન અરૂણભાઈ દવેએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૩. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ

નં. ૧૦૩૫૭ તા. ૦૪–૧૨–૨૦૦૬ થી ગૌતમભાઈ વિઠલદાસ ચોટાઈએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૪. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૩૬૩ તા. ૦૪–૧૨–૨૦૦૬ થી ચાર્મીબેન ગૌતમભાઈ ચોટાઈએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૫. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૨૨૯ તા. ૦૧–૧૨–૨૦૦૬ થી પ્રકાશ ધીરૂભાઈ ઠક્કરએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૬. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૨૩૦ તા. ૦૧–૧૨–૨૦૦૬ થી પ્રિતીબેન પ્રકાશ ઠક્કરએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૭. રવિ ઈન્વેસ્ટમેન્ટ ભાગીદારી પેઢી જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૩૫૯ તા. ૦૪–૧૨–૨૦૦૬ થી વિણાબેન પ્રવિણભાઈ મણવરના કુલમુખત્યાર દરજ્જે જતીન અશોકભાઈ ભીંડોરાએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૮. વિણાબેન પ્રવિણભાઈ મણવર જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૨૪૯ તા. ૨૩–૦૮–૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૨૯. વિણાબેન પ્રવિણભાઈ મણવરએ તા. ૦૨–૧૨–૨૦૦૬ ના રોજ જતીન અશોકભાઈ ભીંડોરાને કરી આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૩૦. પ્રિતીબેન પ્રકાશ ઠક્કર જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૩૫૨ તા. ૨૮–૦૮–૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૩૧. પ્રકાશ ધીરૂભાઈ ઠક્કર જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૨૬૪ તા. ૨૩–૦૮–૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૩૨. પ્રકાશ ધીરૂભાઈ ઠક્કર જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૩૫૪ તા. ૨૮–૦૮–૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૩૩. પ્રકાશ ધીરૂભાઈ ઠક્કર જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૨૬૫

તા. ૨૩-૦૮-૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૩૪. ચાર્મીબેન ગૌતમભાઈ ચોટાઈ જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૩૫૧ તા. ૨૮-૦૮-૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૩૫. ગૌતમભાઈ વિઠ્ઠલદાસ ચોટાઈ જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૩૫૦ તા. ૨૮-૦૮-૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૩૬. દિવ્યાબેન અરૂણભાઈ દવે જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૨૬૧ તા. ૨૩-૦૮-૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૩૭. અરૂણભાઈ પ્રભાશંકર દવે જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૨૫૮ તા. ૨૩-૦૮-૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૩૮. ડૉ. અનામિકા કાંતીલાલ શાહ જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૨૫૪ તા. ૨૩-૦૮-૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૩૯. ડૉ. રંજનબેન અનામીકાભાઈ શાહ જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૨૫૬ તા. ૨૩-૦૮-૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૪૦. દર્શન બાલુભાઈ મહેતા જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૩૪૯ તા. ૨૮-૦૮-૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૪૧. દર્શન બાલુભાઈ મહેતા જોગ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૨૬૦ તા. ૨૩-૦૮-૨૦૦૧ થી સંજયરાજ એન્ડ કાં. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજ્જે ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂએ કરી આપેલ દસ્તાવેજની નકલ.

૪૨. સંજયરાજ એન્ડ કું. ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારી દસ્તાવેજની નકલ.

૪૩. સંજયરાજ એન્ડ કું. ના નામની ભાગીદારી પેઢીના ભાગીદારોએ તા.૧૨–૦૬–૨૦૦૧ ના રોજ ઈન્દ્રનીલ સંજયભાઈ રાજયગુરૂ જોગ કરી આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૪૪. બિનખેતી હુકમની નકલ.

૪૫. લે–આઉટ પ્લાનની નકલ.

૪૬. ૧ નંબરની બુકના ૨૯૧૭ નંબરે તા.૦૩–૦૭–૨૦૦૦ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ શ્રી સંજયરાજ એન્ડ કું. નામની ભાગીદારી પેઢી જોગ ભુત ડાયા ડોસા વિગેરેએ કરી આપેલ છે તેની નકલ.

૪૭. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૬૬૭ તા.૨૬–૮–૧૯૭૫ નો જે ૧ નંબરની બુકના ૫૩૫૦ નંબરે તા.૧–૯–૧૯૭૯ થી નોંધાયેલ છે તે પટેલ દેવસીભાઈ ડાયાભાઈ જોગ જયંતિલાલ ગોવિંદજી વિગેરેએ કરી આપેલ છે તેની નકલ.

૪૮. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૦૧૨ તા.૩૦–૭–૧૯૬૮ નો જે ૧ નંબરની બુકના નં. ૧૫૧૩ વોલ્યુમ ૭૦૭ માં તા.૨૦–૫–૧૯૬૯ થી નોંધાયેલ છે તે શ્રી જયંતિલાલ ગોવિંદજી વિગેરે જોગ ચંપકલાલ રતીલાલ મણીયારએ કરી આપેલ છે તેની નકલ.

૪૯. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૩૨૯ તા.૧૮–૬–૧૯૬૫ નો જે ૧ નંબરની બુકના નં. ૩૧૧૨ વોલ્યુમ ૪૫૯ માં તા.૧૨–૧૧–૧૯૬૫ થી નોંધાયેલ છે તે ચંપકલાલ રતીલાલ મણીયાર જોગ વાઘરી છગન મેપાએ કરી આપેલ છે તેની નકલ.

૫૦. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૭૭૧ તા.૧૨–૧૨–૧૯૫૮ નો જે ૧ નંબરની બુકના નં. ૧૯૨ વોલ્યુમ ૧૬૮ માં તા.૨૧–૧–૧૯૫૯ થી નોંધાયેલ છે તે વાઘરી છગન મેપા જોગ વાણંદ ગાંડા ચકુ વિગેરેએ કરી આપેલ છે તેની નકલ.

૫૧. પ્રમોલગેશનની નકલો.

૫૨. રેરાના નોંધણી પ્રમાણપત્રની નકલ.

(૧૬) આ વેચાણ આપેલ ફલેટનો ચુકતે અવેજ નીચેની વિગતે વસુલ મળેલ છે.

રૂા. ..................... અંકે રૂપિયા ..........................................
..........................................................

રૂા. ..................... અંકે રૂપિયા .................................... પુરા

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ | ગામનું નામ :– મુંજકા |
| રેવન્યુ સર્વે નં. :– ૧૪ તથા ૧૫, સંજીવની એપાર્ટમેન્ટ–૨, વિંગ–એ | ચો.મી.આ. :– |
| વેચાણ કિંમત રૂા. | |

એ રીતે તમારા તરફથી ઉપરની વિગતે ચુકતે અવેજ વસુલ મળી ગયેલ છે જે મળ્યા બદલની આથી આ પહોંચ સ્વીકારીએ છીએ. હવેથી આપણે અવેજ બાબતે કશો વાંધો કે તકરાર રહેતા નથી જેની આથી સ્પષ્ટતા કરીએ છીએ.

(૧૭) આ વેચાણ દસ્તાવેજ તમો ખરીદનારના ખર્ચે રજીસ્ટર્ડ કરાવી આપવો છે.

(૧૮) આ દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવેલ શેડયુલ નીચે મુજબ છે.

**–:: શેડયુલ – એ ::–**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના સબ–ડિસ્ટ્રીકટ રાજકોટના ગામ મુંજકાના રેવન્યુ સર્વે નં. ૧૪ તથા ૧૫ ની કુલ જમીન એકર ૨૦–૩૪ ગુંઠાના રહેણાંકના હેતુ માટેના બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજૂરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૫૫ થી ૬૭ ની કુલ જમીન ચો.મી.આ. ૧૨૧૧–૯૦ ઉપર બાંધવામાં આવેલ **"સંજીવની એપાર્ટમેન્ટ–૨" વિંગ–એ** તરીકે ઓળખાય છે.

ગ્રાઉન્ડ ફલોર :– કવર્ડ પાર્કીંગ, લીફટ, પેસેજ

ફર્સ્ટ ફલોર થી ફીફથ ફલોર :– લિવીંગ, ડાઈનીંગ, કિચન, ત્રણ બેડરૂમ, ત્રણ ટોઈલેટ, વોશીંગ એરીયા વિગેરે ફલેટો મળી કુલ ૨૦ ફલેટોનું બાંધકામ ચાલુ કરેલ છે.

**–:: ચર્તુ:સીમા ::–**

ઉતરે :– સંજીવની એપાર્ટમેન્ટ 'બી' વિંગ આવેલ છે.
દક્ષિણે :– સરીયામ રસ્તો આવેલ છે.
પૂર્વે :– માર્જીન બાદ બીજાની મિલ્કત આવેલ છે.
પશ્ચિમે :– સરીયામ રસ્તો આવેલ છે.

**–:: શેડયુલ–બી ::–**

સદરહું **"સંજીવની એપાર્ટમેન્ટ–૨" વિંગ–એ** તરીકે ઓળખાતા બિલ્ડીંગમાં .......... ફલોર ઉપર આવેલ ફલેટ નં. ............ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી. .............. તથા કારપેટ એરીયા ચો.મી.આ. ............... છે જેમાં સગવડતામાં ......................... ........................................ વિગેરે આવેલ છે જે તમોને વેચાણ આપેલ છે જેની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

ઉતરે :–

દક્ષિણે :–

પૂર્વે :–

પશ્ચિમે :–

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ | ગામનું નામ :– મુંજકા |
| રેવન્યુ સર્વે નં. :– ૧૪ તથા ૧૫, સંજીવની એપાર્ટમેન્ટ–૨, વિંગ–એ | ચો.મી.આ. :– |
| વેચાણ કિંમત રૂા. | |

**આ ફલેટનાં ફોટોગ્રાફસ નીચે મુજબ છે.**

ફલેટનું પોસ્ટલ સરનામું : સંજીવની એપાર્ટમેન્ટ–૨, વિંગ–એ,
ફલેટ નં. ........, ............ ફલોર,
સંજયવાટીકા, મુંજકા, રાજકોટ.

ફલેટ રાખનારની સહી : ..................................................

ફલેટ તબદીલ કરનારની સહી : ..................................................

**–:: શેડયુલ – સી ::–**

આ "**સંજીવની એપાર્ટમેન્ટ–૨ વિંગ–એ** તરીકે ઓળખાતા બિલ્ડીંગમાં આવેલ સહીયારી સુવિધાઓની વિગત નીચે મુજબ છે.

આ "**સંજીવની એપાર્ટમેન્ટ–૨ વિંગ–એ** બિલ્ડીંગમાં આવેલ પાર્કીંગ પ્લેસ, પ્લમ્બીંગ લાઈન, લીફટ, ઈલેકટ્રીક ફીટીંગ, ગટર, સીડીરૂમ, બોર, ઓવરહેડ વોટર ટેન્ક, અન્ડરગ્રાઉન્ડ વોટર ટેન્ક, એન્ટ્રન્સ, હાલવા ચાલવા તથા હવા ઉજાસ માટે લોબીઓ, કોમન પેસેજ, ફાઉન્ડેશન, બીમ, કોલમ, દિવાલ વિગેરે ગણવાના છે. એપાર્ટમેન્ટની ગટર તથા પાણીના નિકાલની પાઈપલાઈન તથા ઈલેકટ્રીક લાઈનો આવેલ છે. તેમાં ફલેટ માલીકોએ કોઈપણ અટકાયત કરવાની નથી. તે તમો તમામ ફલેટ ખરીદનારાઓએ કોમન ઉપયોગ કરવાનો છે અને એનો જે કાંઈ ટેક્ષ આવેતે તમામ ફલેટ ધારકોએ વરાડે પડતો ભોગવવાનો છે અને સહીયારી સુવિધાઓ ગણવાની છે.

આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી, જીવ કાયમ રાખી, બીનકેફે, અક્કલ, હોંશિયારીથી, સમજી, વિચારી, વંચાવી, અવેજની ચુકતે રકમ વસુલ મેળવીને કોઈપણ જાતના દબાણ વગર લખી આપેલ છે જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો વેરે કબુલ મંજુર સહી છે જે બદલ આ નીચે સહીઓ કરી આપી સાક્ષીઓની શાખો કરાવી આપેલ છે.

રાજકોટ, તા. –૧૦–૨૦૧૮

અત્ર.......................................મતુ અત્રે.......................................શાખ

............................................... ૧. .......................................

**(શ્રી અશોકભાઈ ડાયાભાઈ પટેલ)**
તે સાંઈ કન્સ્ટ્રકશનનાં નામથી
ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે
તથા મુખ્ય વહિવટકર્તા દરજજે ૨. .......................................

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ | ગામનું નામ :– મુંજકા |
| રેવન્યુ સર્વે નં. :– ૧૪ તથા ૧૫, સંજીવની એપાર્ટમેન્ટ–૨, વિંગ–એ | ચો.મી.આ. :– |
| વેચાણ કિંમત રૂા. | |